# ગુજરાત જાહેર સેવા આયોગ

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા **જા.ક્ર. ૧૧૧/૨૦૧૮-૧૯ થી જા.ક્ર. ૧૧૩/૨૦૧૮-૧૯ માટે તારીખ-૧૫/૧૨/૨૦૧૮ (૧૩:૦૦ કલાક) થી તારીખ-૩૧/૧૨/૨૦૧૮ (૧૩:૦૦ કલાક)** સુધી **Online** અરજીઓ મંગાવવામાં આવે છે. સદરહુ જગ્યાઓની મુખ્ય અને અગત્યની વિગતો જેવી કે **શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર, પગાર ધોરણ, ઉંમરમાં છૂટછાટ, અરજી ફી, ઓનલાઈન અરજી કરવાની રીત, જાહેરાતની સામાન્ય જોગવાઈઓ તથા અન્ય વિગતો આયોગના નોટીસ બોર્ડ ઉપર અથવા આયોગની વેબસાઈટ https://gpsc.gujarat.gov.in/ અને https://gpsc-ojas.gujarat.gov.in ઉપર જોવા વિનંતી છે.** જાહેરાતની બધીજ-સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઈટ પર જોયા બાદ જ ઉમેદવારે https://gpsc-ojas.gujarat.gov.in પર **Online** અરજી કરવાની રહેશે. ઉંમર ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | કુલ જગ્યાઓ પૈકી શારીરિક અશક્તતા માટે અનામત | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે અનામત | પ્રાથમિક/મુખ્ય કસોટીની સૂચિત તારીખ | પ્રાથમિક/મુખ્ય કસોટીના પરિણામનો સંભવિત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | | | ૫ | | | | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| | | | બિન અનામત | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિન અનામત | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | | | | | |
| ૧૧૧ | ખેતી અધિકારી, વર્ગ-૨ | ૧૦૧ | ૫૧ | ૨૭ | ૦૬ | ૧૭ | ૧૭ | ૦૯ | ૦૨ | ૦૫ | ૦૩ | ૦૧ | ૧૭-૦૩-૧૯ | જુન-૨૦૧૯ | ઓગષ્ટ-૧૯ |
| ૧૧૨ | પોલીસ ઈન્સ્પેકટર (બિન-હથિયારી), વર્ગ-૨ | ૬૦ | ૩૧ | ૧૬ | ૦૪ | ૦૯ | ૧૦ | ૦૫ | ૦૧ | ૦૩ | ૦૦ | ૦૧ | ૨૧/૦૪/૨૦૧૯ | જુન-૨૦૧૯ | ડિસેમ્બર—૧૯ |
| | | | | | | | | | | | | | ૫,૬ ઓક્ટો-૧૯ | -- | |
| ૧૧૩ | ગુજરાત ઈજનેર સેવા (સિવિલ), વર્ગ-૧ અને વર્ગ-૨, માર્ગ અને મકાન વિભાગ — વર્ગ-૧=૧૧ | ૪૯ | ૦૫ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૧૪/૦૪/૨૦૧૯ | જુન-૨૦૧૯ | ડિસેમ્બર—૧૯ |
| | વર્ગ-૨=૩૮ | | ૨૦ | ૧૦ | ૦૨ | ૦૬ | ૦૬ | ૦૩ | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૦ | ૨૨, ૨૮,૨૯ સપ્ટે-૧૯ | નવેમ્બર-૨૦૧૯ | |

- **ભરતી નિયમોમાં સુધારા ને ધ્યાને લઇ સંબંધિત ઉમેદવારો માટે સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજો ખાતે વિવિધ વિષયોના મદદનીશ પ્રાધ્યાપક (ગુ.શિ.સે.) વર્ગ-૨ ની જા ક. ૮૧ થી ૯૯ તારીખ-૧૫/૧૨/૨૦૧૮ (૧૩:૦૦ કલાક) થી તારીખ-૩૧/૧૨/૨૦૧૮ (૧૩:૦૦ કલાક) સુધી** Online **જાહેરાત** Reopen **કરવામાં આવે છે. તેમાં ઉમેદવારી માટે નીચેની નોંધની વિગતો ધ્યાને લેવા વિનંતી છે. વધુમાં આયોગની વેબસાઇટ પર વિગતવાર અગત્યની જાહેરાત આપવામાં આવેલ છે જે ધ્યાને લેવા વિનંતી છે.**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮૧ | ઈતિહાસ | ૨૭ | ૧૪ | ૦૮ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૨ | ૦૦ | ૦૧ | | | ૦૪-૦૫-૧૯ | જુલાઇ-૨૦૧૯ | ઓક્ટો-૧૯ |
| ૮૨ | માઈક્રોબાયોલોજી | ૦૭ | ૦૫ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | | | ૦૪-૦૫-૧૯ | જુલાઇ-૨૦૧૯ | ઓક્ટો-૧૯ |
| ૮૩ | વનસ્પતિશાસ્ત્ર | ૧૩ | ૦૭ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | | | ૦૫-૦૫-૧૯ | જુલાઇ-૨૦૧૯ | નવેમ્બર-૧૯ |
| ૮૪ | ઇન્ડોલોજી | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | | | ૩૧-૦૩-૧૯ | જુન-૨૦૧૯ | ઓગષ્ટ-૧૯ |
| ૮૫ | એકાઉન્ટન્સી | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | | | ૩૧-૦૩-૧૯ | જુન-૨૦૧૯ | જુલાઇ-૧૯ |
| ૮૬ | ગુજરાતી | ૩૪ | ૧૭ | ૦૮ | ૦૩ | ૦૬ | ૦૫ | ૦૨ | ૦૧ | ૦૨ | | | ૩૧-૦૩-૧૯ | જુન-૨૦૧૯ | ઓગષ્ટ-૧૯ |
| ૮૭ | ગણિતશાસ્ત્ર | ૧૦ | ૦૬ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | | | ૩૧-૦૩-૧૯ | જુન-૨૦૧૯ | જુલાઇ-૧૯ |
| ૮૮ | સમાજશાસ્ત્ર | ૨૪ | ૧૪ | ૦૬ | ૦૧ | ૦૩ | ૦૪ | ૦૨ | ૦૦ | ૦૧ | | | ૧૩-૦૪-૧૯ | જુન-૨૦૧૯ | સપ્ટે-૧૯ |
| ૮૯ | અંગ્રેજી | ૩૮ | ૨૦ | ૦૯ | ૦૩ | ૦૬ | ૦૬ | ૦૩ | ૦૧ | ૦૨ | | | ૧૩-૦૪-૧૯ | જુન-૨૦૧૯ | સપ્ટે-૧૯ |
| ૯૦ | ભૌતિકશાસ્ત્ર | ૨૨ | ૦૯ | ૦૭ | ૦૩ | ૦૩ | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૧ | ૧૧ | ૦૩ | ૧૩-૦૪-૧૯ | જુન-૨૦૧૯ | સપ્ટે-૧૯ |
| ૯૧ | અર્થશાશાસ્ત્ર | ૧૮ | ૧૧ | ૦૩ | ૦૧ | ૦૩ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૧ | | | ૧૩-૦૪-૧૯ | જુન-૨૦૧૯ | ઓક્ટો-૧૯ |
| ૯૨ | વાણિજ્યશાસ્ત્ર | ૨૬ | ૧૩ | ૦૮ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૨ | ૦૦ | ૦૧ | | | ૧૩-૦૪-૧૯ | જુન-૨૦૧૯ | ઓક્ટો-૧૯ |
| ૯૩ | રસાયણશાસ્ત્ર | ૩૧ | ૧૩ | ૧૫ | ૦૧ | ૦૨ | ૦૪ | ૦૫ | ૦૦ | ૦૦ | | | ૦૫-૦૫-૧૯ | ઓગષ્ટ-૨૦૧૯ | ડિસે-૧૯ |
| ૯૪ | રાજ્યશાસ્ત્ર | ૦૪ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | | | ૦૪-૦૫-૧૯ | જુલાઇ-૨૦૧૯ | નવેમ્બર-૧૯ |
| ૯૫ | પ્રાણીશાસ્ત્ર | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | | | ૦૪-૦૫-૧૯ | જુલાઇ-૨૦૧૯ | નવેમ્બર-૧૯ |
| ૯૬ | કાયદાશાસ્ત્ર | ૦૫ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | | | ૦૫-૦૫-૧૯ | ઓગષ્ટ-૨૦૧૯ | ડિસે-૧૯ |
| ૯૭ | તત્વજ્ઞાન | ૦૫ | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | | | ૦૫-૦૫-૧૯ | ઓગષ્ટ-૨૦૧૯ | ડિસે-૧૯ |
| ૯૮ | મનોવિજ્ઞાન | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | | | ૦૫-૦૫-૧૯ | ઓગષ્ટ-૨૦૧૯ | ડિસે-૧૯ |
| ૯૯ | ભૂસ્તરશાસ્ત્ર | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | | | ૦૫-૦૫-૧૯ | ઓગષ્ટ-૨૦૧૯ | ડિસે-૧૯ |

**નોંધ:- (૧)** આયોગ દ્વારા તા.૧૫/૧૦/૨૦૧૮ના રોજ પ્રસિધ્ધ કરેલ જાહેરાત ક્રમાંક:૮૧ થી ૯૯/૨૦૧૮-૧૯માં શિક્ષણ વિભાગ દ્વારા પ્રસિધ્ધ તા. ૧૩/૧૨/૨૦૧૮ના જાહેરનામાથી (સુધારેલ ભરતી નિયમો-૨૦૧૮ મુજબ) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ, (SEBC કેટેગરી) - અનુસ્નાતક કક્ષાએ ૫૦ % થી ૫૫ % મેરીટ વાળા, ફક્ત મુળ ગુજરાત રાજ્યના SEBC કેટેગરીના ઉમેદવારો - Non Creamy Layer માટે ઓનલાઇન ઉમેદવારી નોંધાવવા આ જાહેરાતો Re-open કરવામાં આવે છે. આવા સબંધિત ઉમેદવારો તા.૧૫/૧૨/૨૦૧૮ ના ૧૩:૦૦ કલાકેથી તા. ૩૧/૧૨/૨૦૧૮ ૧૩:૦૦ કલાક સુધી ઓનલાઇન ઉમેદવારી (without including any grace mark Procedures) નોંધાવી શકશે. વધુમાં, Reopen થયેલ જાહેરાતમાં સર્વે કેટેગરીના ઉમેદવારો કે જેઓ તારીખ ૧૫/૧૦/૧૮ થી તારીખ ૩૦/૧૦/૧૮ સુધી ઉમેદવારી નોંધાવી શક્યા નથી તેમના માટે પણ ઉમેદવારી નોંધાવવા સબબની આ અંગેની વિગતવાર અગત્યની જાહેરાત આયોગની વેબસાઇટ પર આપવામાં આવેલી છે જેનો કાળજીપૂર્વક અભ્યાસ કરી સબંધિત ઉમેદવારોએ ઓનલાઇન ઉમેદવારી નોંધાવવા આથી જાણ કરવામાં આવે છે.

(૨) જાહેરાત ક્રમાંક ૮૧ થી ૯૯/૨૦૧૮-૧૯ માટે મૂળ જાહેરાત જે તારીખ ૧૫/૧૦/૨૦૧૮ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ તેમાં જે ઉમેદવારોએ અરજી કરેલ છે તેવા ઉમેદવારોએ પુનઃ અરજી કરવાની રહેશે નહિં. સદરહુ જાહેરાતો માટે શૈક્ષણિક લાયકાત તા. ૩૧/૧૨/૨૦૧૮ સુધીમાં મેળવેલ હોવી જોઇએ પરંતુ ઉપલી વયમર્યાદા માટે તા. ૩૦/૧૦/૨૦૧૮ ધ્યાને લેવામાં આવશે.

(૩) આખરી પરિણામ રૂબરૂ મુલાકાત પૂર્ણ થયાના અંદાજિત ૧૦ કામકાજના દિવસો દરમ્યાન પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૪) સીધી ભરતીના કિસ્સામાં પ્રાથમિક કસોટીમાં આયોગે નક્કી કરેલ લાયકી ધોરણમાં આવતા અને જાહેરાતમાં ભરતી નિયમમાં દર્શાવેલ જોગવાઇઓ સંતોષતા ઉમેદવારોને રૂબરૂ મુલાકાતમાં બોલાવવામાં આવશે. ઉમેદવારોની આખરી પસંદગી પ્રાથમિક કસોટીમાં ૩૦૦ ગુણમાંથી જે ગુણ મેળવેલ હશે તેનું ૫૦% ગુણભાર અને રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના ૫૦% ગુણભારના પ્રમાણસહ ગણતરી કરીને કુલ ગુણના આધારે કરવામાં આવશે. એટલે કે, પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતના અનુક્રમે ગુણ ૩૦૦ અને ૧૦૦માંથી મેળવેલ ગુણનું ૫૦-૫૦ ટકા વેઇટેજ આપવામાં આવશે. પ્રાથમિક કસોટીમાં ૧૦૦ ગુણના ૧૦૦ પ્રશ્નો સામાન્ય અભ્યાસના તથા ૨૦૦ ગુણના ૨૦૦ પ્રશ્નો સંબંધિત વિષયના રહેશે. પસંદગી યાદી મેરીટના આધારે આખરી કરવામાં આવશે. આખરી પરિણામ વખતે જ ઉમેદવારે મેળવેલ આખરી ગુણ જાહેર કરવામાં આવશે.

(૫) જા.ક્ર.-૧૧૨/૨૦૧૮-૧૯ ના સંદર્ભમાં પ્રાથમિક કસોટીમાં આયોગે નક્કી કરેલ લાયકી ધોરણમાં આવતા અને ભરતી નિયમોની જોગવાઈઓ સંતોષતા ઉમેદવારોમાંથી કૂલ જગ્યાઓના આશરે ૨૦(વીસ) ગણા ઉમેદવારોને શારીરિક ક્ષમતા કસોટીમાં પ્રવેશ આપવામાં આવશે જે સંભવિત ઓગષ્ટ/સપ્ટેમ્બર-૨૦૧૯ માં યોજાશે અને ત્યારબાદ સફળ ઉમેદવારોને મુખ્ય (લેખિત) પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે. શારીરિક ક્ષમતા કસોટીમાં ઉત્તીર્ણ થયેલ અને જાહેરાતની જોગવાઈ મુજબ શારીરિક માપદંડ ધરાવતા ઉમેદવારોને જ મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે. જાહેરાતની કૂલ જગ્યાના આશરે ત્રણ ગણા ઉમેદવારોને આ જગ્યાના ભરતી પરીક્ષાના નિયમોની જોગવાઈ અનુસાર રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવશે.

**(૬) જાહેરાત ક્રમાંક:-૧૧૨/૨૦૧૮-૧૯ તથા જાહેરાત ક્રમાંક:-૧૧૩/૨૦૧૮-૧૯**ની જગ્યાના પરીક્ષા નિયમોની જોગવાઈ મુજબ આખરી ગુણ, આ જગ્યાઓના આખરી પરિણામ પ્રસિધ્ધ થયા બાદ જ જણાવવામાં આવશે.

(૭) જે ઉમેદવારો નિયત લાયકાતની પદવીના છેલ્લા સેમેસ્ટર/ વર્ષની પરીક્ષામાં ઉપસ્થિત થયેલ છે અથવા થનાર છે પરંતુ જેનું પરિણામ પ્રસિધ્ધ થયેલ ના હોય તેવા ઉમેદવારો પ્રિલિમિનરી પરીક્ષા માટે અરજી કરી શકશે; પરંતુ તેઓએ જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની પદવી, મુખ્ય પરીક્ષા માટેની અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં મેળવેલ હોવી જોઈશે, જે નહીં મેળવેલ હોય તો તેમને મુખ્ય પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે નહીં. વધુમાં શારીરિક ક્ષમતા કસોટીની તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે.

**(૮)** ઉમેદવારોની પ્રાથમિક કસોટીની OMR Answer Sheet પ્રાથમિક કસોટી પૂર્ણ થયા બાદ વહેલી તકે આયોગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે

**(૯)** (૧) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઈન અરજી કરવી. ઓન-લાઈન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે. (૨) કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજૂઆત / વિનંતી ગ્રાહય રાખવામાં આવશે નહિ. (૩) એક કરતાં વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિન-અનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે. (૪) ઉમેદવારોએ રૂબરૂ મુલાકાતને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતા પ્રમાણપત્રો (સામાન્ય સૂચનાઓમાં આપેલ ક્રમમાં) તૈયાર રાખવાના રહેશે.

**(૧૦)** ઉમરનાં પુરાવા માટે SSCE CERTIFICATE (જન્મ તારીખ દર્શાવેલ) જ રજૂ કરવું. અન્ય કોઈપણ દસ્તાવેજ માન્ય ગણાશે નહીં. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ NON CREAMY LAYER CERTIFICATE (NCLC) માટે પરિશિષ્ટ-ક/પરિશિષ્ટ-૪ (ગુજરાતી) જ રજૂ કરવું. ANNEXURE-'A' (ENGLISH) માન્ય ગણાશે નહીં.

(૧૧) ઉમેદવારોને ખાસ સલાહ આપવામાં આવે છે કે Online અરજી કરવા માટે તા. ૩૧-૧૨-૨૦૧૮ ના ૧૩:૦૦ કલાક સુધી જ વેબસાઇટ ખુલ્લી રહેશે માટે આખરી દિવસો સુધી રાહમાં નહિં રહેતા Online અરજીપત્રકમાં તમામ વિગતો કાળજીપૂર્વક ચકાસીને વહેલી તકે ભરવા અને ઓનલાઇન અરજી Confirm કરવા જણાવવામાં આવે છે. ઉમેદવાર દ્વારા નિયત સમયમાં Online અરજીપત્રક ભરી Confirm કરવું ફરજીયાત છે. જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

(૧૨) One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ છે તે કરવા માત્રથી Online કરેલ અરજી Confirm થયેલી ગણાશે નહિં. આથી OTR કર્યા બાદ ઉમેદવારે Online કરેલ અરજી ફરજીયાતપણે Confirm કરવાની રહે છે જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

(૧૩) **આયોગ દ્વારા પ્રસિદ્ધ થયેલ ભરતી કેલેન્ડર મુજબ પ્રસ્તાવિત જાહેરાતો પૈકી બાકી રહેતી જાહેરાતો વિભાગ દ્વારા અદ્યતન ભરતી નિયમો પ્રસિધ્ધ થયેથી આપવામાં આવશે.**

**તા: ૧૫/૧૨/૨૦૧૮**